
श्री हरिः श्री मते रामानुजाय नमः

આ બુકમાં ચાબુખ છે, ચિતને સુધારનાર;
મુકો ખીસામાં ખંતથી, ખરીદી લ્યો આ વાર.



જય શ્રી સીતારામ.

લેખકઃ—શ્રી વૈષ્ણવ વિપ્ર મેઘજી લાલજી માંગરોળવાળા.

સંતના ચાબુખ.

આવૃતિ–૧–લી. ... પ્રેસ જસાકરશને છપાવી.

જય શ્રી રાધેશ્યામ.

શ્રી આદર્શ પ્રીન્ટીંગ પ્રેસમાં પંડિત વાડીલાલ ડાહ્યાભાઇએ
છાપ્યું. ઠે. પાંચકુવા નવાદરવાજા–અમદાવાદ.

વિક્રમ સંવત ૧૯૭૮ ~~દીવાળીના દીવસે બહાર પાડ્યું.~~

આ બુક છપાવનારનું, જસાકરશન છે નામ;
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવપુર ગામ.

(કીંમત (૧) આનો તે ધર્માદામાં જાય છે.)

મન મરતાની અમે છે, તે પર છે ભવ સ્વાર;
મનને સીધું ચલાવવા, આ ચાબુખ કરેલ છે.

(કોપીરાઈટ સંગ્રહ દોહરા.) દર્જન—એક.

હોળીનાં હુલ્લડ અને તાબુતની તકરાર;
એ બે દર વર્ષે દીસે, દુનિયાને દુખકાર; ૧

હિર્ણ્યકશ્યપની હોળી. અને પ્રહલ્લાદનો પડરો,
હિર્ણ્યકશ્યપ જેવા હેવા મુકીને, પ્રભુ પંથ પકડવો, ૨

કળિયુગની કુંવરી બજર, નજર કરે ચોપાસ,
આવો મ્હારિ ઝપટમાં, તો કાઢું સત્યા નાસ ૩

બજર જબર વેશ્યા વસી, મુખ મુખ કરિ મુકામ;
ખાય પીયે સુંઘે સહુ, મુકુંદ મુર્ખ તમામ, ૪

મુકુંદ મુકિત માર્ગનું. મુખ્ય દ્વાર સત સંગ,
સેવો સંતશિરોમણી; તજો સદા શઠ સંગ, ૫

દ્વાર દ્વાર શઠસંગ છે, મળે ક્યાંક સત્સંગ,
સત્સંગે રંગો હૃદય, છોડીધ્યો શઠ સંગ, ૬

તન ધન સાધન સગવડ. દીધાં સુખને કાજ.
એ મેં ઉલટાં વાપરી; વહોર્યા દુઃખના સાજ, ૭

ભુલ્યા ગરજ. અરજ ભુલ્યા, ફરજ ભુલ્યા ફરી ખાસ;
મુકુંદ કહે તેથી થયા. બહુ ગર્ભમાં નીવાસ; ૮

સાધુ જગમાં જાણવું. સ્વાદુ કામો કામ;
સાધુનું સાદું જીવન, સ્વાદુ વીષય ગુલામ; ૯

જાહીંદે કેશવ નહીં, સો સબ શબ સમ જાણ,
મુકુંદ કેશવ જાહી હૃદય, સો નહીં પુન ભવાય; ૧૦

આવા દોહા પાંચસો, અને પચાસ કવીત;
પાવલીનું પુસ્તક મળે લઈને વાંચો નીત; ૧૧
આ શ્રેણીમાં સંતજન દ્યે સાચો ઉપદેશ;
મુકુંદનુ માનો કહ્યું, તો મટે બદલવા વેશ; ૧૨

॥ श्रीहरीः ॥ श्रीमते रामानुजायनमः

સંતના ચાબુખ

યાને

સુબોધ સાગર.

ભાગ ૧ લો.

ચાબુખ ૧ લો. પ્રાણીયા ભજીલેને કીરતાર—એ ઢબ.

ફાંકડા બની ન જાવ ફાટીરે; કાયા ફૂડિ મુળે થાશે માટિ.—એ ટેક.

ઓચિંતુ આપણું આ પુતળું પડશે, દેશે બાળિ કે દાટિ;
જોખમ જોગવવું જીવને જાણું, ત્હાંતો વસમી છે ઘાટિરે. ફાંકડા. ૧
હરિભજન હેતે કરતા નથીને, મસ્તી કરવામાં માટિ;
અંત સમે ઉન્માદ નહિં ચાલે, થાસે ઓખાત ખાટિરે. ફાંકડા. ૨
નારીમાં ભારી લોભાઇ જઇને, રહો વિષય કાં ચાટિ,
ઘોર નરકમાં એજ પ્હોંચાડે, માયાતણિ ત્રટિરે. ફાંકડા. ૩
હૈયું હણાસેને ડોળા તણાસેને, તાળવું જાસે ફાટિ;
તાંણુ અંતે બહુ આવશે અંગમાં, જીભે પડશે આંટિરે. ફાંકડા. ૪

(૨) (દો.) આ બુક છપાવનારનું, જસા કૃષ્ણ છે નામ;
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવપુર ગામ.

ઇશ્વરના નામનું અમૃત મુકીને; તું છાશ પિયે શું ખાટિ;
વ્રથા વાતું ને કોકની કુથલી, પાપ તણી પાટિરે. ફાંકડા. ૫
જુઠું ને જુગટું જાજું ગમેને, સોડા વોટર પિયો ચાટિ,
ભુત પિશાચ થઇ ભવમાં ભમશો, ખમશો કષ્ટી ઘાટિરે. ફાંકડા. ૬
હાથેં હરિ નામેં ખર્ચિ શકયો નહિંને, ડાઘલા બેઠા દાટિ;
મુવા પછિ થાશે માલીક બીજા, તારે જાવું પડશે લાળ ચાટિરે. ફાંકડા.
હરિ ભજનમાં હેતેંથિ જઇને, પ્હેરો સ્મરણનિ સાટિ;
સત્સંગનો રંગ લાગે જો ઉરમાં, તુટે કપટ ત્રાટિરે. ફાંકડા. ૮
મોંઘો માનવ દેહ મળ્યો, છોડી દે અવળી આંટિ,
ભજન કરીને ગોતિ હરિને; ખરેખરા જાવ ખાટિરે. ફાંકડા. ૯
મુકુંદદાસ સદ્દગુરૂ ગોવિંદ ભજી, છોડો પ્રપંચનિ પાટિ;
ભગવત ભાગવતને આગારિ ચરણનિ, રજ રહો ચાટિરે. ફાંકડા ૧૦

ભજન ૨ જો. રાગ—ઉપર મુજબ.

મનડા ધરી લે મનમાં ધીર, સ્મરણથી સ્હાય થશે રઘુવિર.—ટેક.
ખરે વખત તે ખબર લેશેને, ભાગશે તારી ભીર;
તાંતણે તાંતણે પુર્યા છે જેણે, દ્રૌપતીજીને ચીર. મનડા. ૧
સુદામાજી પણ સેવા કરતાતા. ધરતાતા મન ધીર
મુઠી બે મુઠી તાંદુલા લઇને, દઈ દીધાં સોનાનાં મંદીર. મનડા. ૨
નરસીમ્હેતા નિત્ય સમરતા સ્નેહે, સુભદ્રાજીના વીર;
રણવગડામાં નેસ વસાવી, રાતે રાંધી દીધી ખીર. મનડા. ૩
ઝુડે ઝાલ્યો જ્યારે હાથીને જળમાં, હરિ કહી હાંક્યો ગંભીર;
ઉઘાડે પગે દોડીને તે ઝુડપર, ચક્ર છોડી તોડી પીડ. મનડા. ૪

પ્રલ્હાદને પાપી પીતાએ દુભ્યો, તોએ ન થયો અધીર;
બાથ ભરતાં સ્થંભ થડકીને ફાટયો, પ્રગટ થયા રણધીર. મનડા. ૫
ગેડી દડે દીનાનાથ રમતાતા, કાળંદ્રિ કેરે તિર,
જાણી જોઈ જપલાયા જમુનામાં. તોડી પોતાનાંની પડ. મનડા. ૬
અંતે અજામેળ પુત્રને પોકાર્યો; નારાયણ નામેં અધિર;
જમની ઝપટથિ જલ્દી છોડાવી; પાડયો પ્રભુપદેં સ્થીર, મનડા. ૭
તુલસીદાસજીયેં તલપ ન છોડીતો; દોડી મળ્યા રઘુવીર;
અવધપુરિને જેણે ઉદ્ધારી, સર્યું કેરે તીર. મનડા. ૮
સર્વ સાધનથી સ્મરણ છે મોટું, વધ્યા વિવેકી વિદુર;
દીન રાત રામનું રટણ કરવાથી, પામ્યા પ્રત્યક્ષ કબીર. મનડા. ૯
મુકુંદદાસ કહે મનખા દેહનું, મળ્યું છે મોઘું શરિર;
ચાર વેદ છ શાસ્ત્ર અઢારે પુરાણે, શ્રીવર સ્મરણ છે શીર. મનડા. ૧૦

ચાબુખ-૩-જો. રાગ-ઉપર મુજબ.

કંજુસનાં નાણાં કૂમાર્ગે જાય, પરમારથેં ન ખરચે પાય,—ટેક.
જન્મ સુધારવોને જાતરાઓ કરવી; એતો એનાથી ન થાય,
કજીયા કરવાને કોરટ લડવાતો, પરદેશે પણ પ્હોંચાય. કંજુ૦. ૧
સાધુ સન્યાસિને સીધું તો આપવા; ટાણે જાણે જીવડો જાય;
વેશ્યા વકીલને કેસોમાં પૈસા; હોંશે હાલીને અપાય. કંજુસ. ૨
લોભ કરીને નાણા વધારેને, પેટમાં પુરૂં ન ખાય;
એવા લોભીને લાલચ દેનારા; ધુતારા લુંટિ જાય. કંજુસ. ૩
કર ગોરને કોંક દીવસ દોકડો; દુભાતે દીલેં અપાય;
વાંકમાં લાવીને દમ બતાવીને; લઇલે રૂપૈયો સીપાય. કંજુસ. ૪

(૪) (દો.) આ બુક છપાવનારનું, જસા કૃષ્ણ છે નામ;
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવપુર ગામ.

ઘોડીનું ઘાસ ગાય ખાવા આવે તો, ધોકો લઇને તે ધાય;
ઓચિંત અંગમાં ઉપજે પીડા, વેદને વ્હાલેં અપાય. કંજુસ. ૫
દેવ દર્શનમાં દોઢિયું મુકતાં, દીલડું દાડી દુખાય;
હાકેમના હુકમની આગળ પૈસા લઇ, બબ્બે હાજર ઝટ થાય કંજુસ. ૬
હરીજનોમાં હેતે પ્રસાદી, પ્રભુ નામેં ન વ્હેંચાય;
વ્હાલી વેવાણોને ધરમાં ઘાલીને, પ્રિતેં પકવાન પીરસાય. કંજુસ. ૭
પાપ કરતાં પણ પૈસા મળે તો; લોભિયા લેવાને ધાય;
મરવા ટાણે મન ખુંચે પૈસામાં, જીવ કેમેય નવ જાય. કંજુસ. ૮
પાપે પ્રપંચે પૈસાને મેળવેને, પરોઉપકાર નવ થાય;
અકરમી કુંવર એના અંતરે, જાજું જુગટામાં જાય. કંજુસ. ૯
પૈસો પૈસો કરતાં પ્રણ છુટે તેથી, પ્રેત પ્રગટ તે થાય;
મુકુંદ માલીકને જાણ્યા વિના, જખ્ખમારિ જન્મારો જાય. કંજુસ.૧૦

ચાબુખ-૪-થો. રાગ—ઉપર મુજબ.

સેતાન મન સંસારમાં મ્હોયુ રે, તેણે સુખ સાચું નથી જોયું.-ટેક.
હૈયે હોળીયો હજારો બળેને, કહેવાએ સુખિયા શેઠ;
મન સુખિયા મોત આવ્યે મુંઝાય, જમ ઝાલી કરાવે વેઠ. સેતાન. ૧
ખાન પાન માનમાં મોહી રહે તે, પુરા પરાધિન હોય;
વિષયને વશ જીવ સુખિ સંસારમાં, સદા રહે નહિં કોય. સેતાન. ૨
એક મેળવતાં અનેક આશા,-ઉરમાં ઉઠતી જાય;
બ્રહ્માના જેટલું આયુષ ભોગવે, તો એ સંતોષ નવ થાય. સેતાન. ૩
મતિ પ્રમાણે ગતી મળે તેથી, સંસારમાં સપડાય;
જન્મ મરણની યાત્રાઓ કરતાં કોટિ કષ્ટે કષ્ટાય. સેતાન. ૪

(દો.) આ બુક છપાવનારનું, જસા કૃષ્ણ છે નામ; (૫)
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવપુર ગામ.

અનેક જાતનાં અંગોમાં આથડે, ભંગ થઇ ભસ્મે ભેળાય;
જોખમ ખમવું પડે જીવને જાણું, સગાં કરે નહિં સ્હાય. સેતાન. ૫
સુખતો સાચું છે શ્રીવરને શરણે, સંત થકી સમજાય;
આનંદ બ્રહ્મનો માણે તે જાણે, મુખે કહ્યો નવ જાય. સેતાન. ૬
સદ્ગુરૂ સ્હાયથી સેતાન મનકું, સ્મરણુની સીડીયે જાય;
મંત્રનો મહિમા સમજીને સાધે તો અસંખ્ય સુખો ચખાય. સેતાન. ૭
ભજનાનંદ અને બ્રહ્માનંદ, બેઉ ભાયો ભેળા જ્યારે થાય;
ઇંદ્રના ભોગને બ્રહ્માની પદવી, તુચ્છ ત્યારે સમજાય. સેતાન. ૮
બ્રહ્મા ભુલે તો સો વર્ષે પણ પડવું ને; ઇંદ્ર એ ક્ષુદ્ર થઇ જાય;
ભગ્વદ ભકતો બ્રહ્મ લોક ભેદીને, ચિરંજીવિરે સદાય. સેતાન. ૯
સદ્ગુરૂશ્રીના ચરણને શરણે, માણે મુકુંદદાસ મોજ;
સત્સંગમાં મન જેનું ન મ્હોયું; તેને ત્યાં જમની ફોજ. સેતાન. ૧૦

ચાબુખ-પ-મો. રાગ-ઉપર મુજબ.

હિણુ હરિજનનું હરિથી ન થાય, અવરના ત્યાં શું ફ્લે ઉપાય. ટેક.
અંબરિશપર રીશ કરી દુર્વાસા દોડયાતા રોશે ભરાય;
ચૌદલોકમાં દોડિ દોડીને આખર, પડ્યા અંબરિશને પાય. હિણુ. ૧
ચંદ્રહાસનો નાસ કરવા કમ બુદ્ધિયે, કર્યા ઉપાય કૈકવાર;
કુડું કરનારનો કુંવર કપાયો, ન થઇ હરિનાંની હાર; હિણુ. ૨
હિર્ણાકસ્યપે હણુવા પ્રહલ્લાદને; કર્યા ઉપાય કઇકવાર;
નાનાં મોટાંથી નથી અજાણ્યું; થયો નૃસિંહ અવતાર. હિણુ. ૩
જડ ભરથને ભિલ પકડીને લાવ્યા, દેવિને દેવાને ભોગ;
ભડકી ભરથની ભીલને ભરખ્યા; ઉંધા પડયા ઉદ્યોગ. હિણુ. ૪

(૬) (દો.) આ બુક છપાવનારનું, જસા કૃષ્ણ છે નામ;
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવપુર ગામ.

કપટી કૌરવોયે પાંડવને પીડવા, કર્યાં પ્રપંચો અપાર;
આખર પરિણામ શું આવ્યું, તે માટે જુઓ મહાભારત સાર. હિણુ.
જેમલજીને પુજા કરતા જોણીને, લડવા આવ્યો કોયરાય;
જગત પતિએ જડને હરાવ્યો, કરી જેમલની સ્હાય. હિણુ. ૬
દીલ્લીના બાદશાહે તુલસીદાસજીને, કર્યાતા કેદ એકવાર;
વાનરની સેન્યાયે સંગ્રામ કીધો; ત્યાં પાદશાહ પાડે પોકાર. હિણુ. ૭
જગતમાં ભકતને કનડનાર, નથી જીત્યા જાણવા હજી કયાંય;
વેલા મોડા પણ હારે નાદાન નર, આપે છે ઇશ્વર ન્યાય. હિણુ. ૮
માટે હરિજન હિમ્મત રાખિને, હોંશે જપો હરિ નામ;
ખોદે ખાડા એને આવે આડા. તમે કરો તમારૂં કામ. હિણુ. ૯
મુકુંદ સદગુરૂ શરણ ગ્રહીને; આનંદ માણો અપાર;
દ્દઢ વિશ્વાસથી-સિદ્ધિ છે, અંતે થાશુ નક્કી ભવપાર. હિણુ. ૧૦

ચાબુખ-૬-ઠો. રાગ—ઉપર મુજબ.

જીવડા કરીલે સાચું કામ, અંતે મુકિને જાવું તમામ. ટેક.
પૈસા પુત્ર કે નારી કલત્ર, કશું નહિં આવે કામ;
વિષ્ણુ ભકિતવિણુ વૃથા છે અંતે; અહિંની બધિ ધુમધામ. જીવડા ૧
અંત વખત છે અલખો ભાઈ, જમડા જાલી જનાર;
સગાં પૈસા સહુ છેટાં રહેશે, કોય જમને ન અટકાવનાર. જીવડા. ૨
ચાર દીવસ તને રોશે સ્નેહિ; અંતે છે વિસરનાર;
જમડા પરાણે જાલીને જીવને; ઝીંકશે નરક મોઝાર. જીવડા. ૩
એ દુઃખથિ મુક્ત થાવાને માટે, કરવા માંડો સાચું કામ;
પાપનો ધંધો છોડીને નિત્યે, સમરો સીતારામ. જીવડા. ૪

ભજન કરવામાં ભેખ લેવાનું, પડે નહિં કાંય કામ;
હતાં ફરતાં ને કામકાજ કરતાં બોલ્યા કરો રામ રામ. જીવડા. ૫
પોતાનુ સમજી ને જે કાંય કરવું તે; સહુ બંધન છે તમામ;
પ્રભુ અર્થે તેનું સમજીને કરવું સેવા રૂપે સહુ કામ. જીવડા. ૬
મુકુંદ આનંદ મેળવવાને કરો, સુકર્મ આઠુ જામ;
ફળની ઇચ્છા અંતરમાં નહિ રાખજે,કરજે શેવા નિષ્કામ; જીવડા. ૭

ચાબુખ-૭-મો. રાગ—ઉપર મુજબ.

જીવ જરા સોચી જોને ચિતેરે, માનવ દય વથા તારિવીતે; ટેક.
ખાવા સુવાને ખરચુ જાવામાં, ખરો વખત ખોવાય;
ખરિ કમાણી ખોવા માંડી તેં; કેમ જમદ્વારે છીંતાય. જીવ. ૧
સવારે ઉઠીને ચરિરનીં સેવાની, કરે છે તું બધી સોય;
ખરે વખત તે ખાખ બની જશે, એમાં શું મુરખ મોય. જીવ. ૨
પાળિ પોષિ પુષ્ટ કરે છે અંગને, તે નહિં આવે અંત સાથે;
જોખમ જોગવું જીવને પડશે, મુકર છે મોત માથેરે. જીવ. ૩
મિતા અહારિ થૈ બાલીકને સેવવા, એવિસુ ટેવ સદા પાડો;
વિભુની સેવાનાં વ્યસન વધારો, કુટેવ સહુ કહાડોરે. જીવ. ૪
સત્વ અહારને સત્વ વિચાર કરિ, કરવો સંગત સારી;
નવરિ જીભે નારાયણ જપવા, મુકો મ્હારિ ત્હારિરે. જીવ. ૫
વસ્તુ માત્રથી વખત મોંઘો છે, એવો વખત વથાવિતે;
વખતની કીમ્મત સમજીને સાંચવો, ચિવટ રાખો ચિતેં. જીવ. ૬
મુકુંદદાસ ખાંસ વખત વાપરજે, સુકર્મમાં સહુ રિતે;
ગયો વખત ફરિ નથિ મળવાનો, એમ સમજે તે છીતેરે. જીવ. ૭

(૮) (દો.) આ બુક છપાવનારનું, જસા કૃષ્ણ છે નામ;
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવપુર ગામ.

ચાબુખ-૮-મો. રાગ—ઉપર મુજબ.

જીવડા જનમ્યો નરતનમાંય, આવીને કરિ તેં શું કમાય—ટેક.
પુરવનું પુણ્ય પુગે છે ત્યાં સુધિ, માણે છે આહિં રોજ મોજ;
પણ આજે પુણ્ય કેટલું મેળવ્યું, એ વિચારિલેજે રોજ. જીવડા. ૧
પુર્વે તો તેં કરી કમાણી તેથી, આવે છે અહિંઆ કામ;
પણ જીવડાતેં આ જમવારમાં, કેટલા મેળવ્યા રામ. જીવડા. ૨
આંબા વાવેતો કેરી મળેને, બાવળ વાવે તો શુળ;
જેવા અહિં કર્મ કરશો તેવાં પામશો પછી જરૂર. જીવડા. ૩
અહિં અધર્મી પુરા કુકર્મી, દેખું છું સુખિયાજન;
પણ એણે પુર્વે પુન્ય કીધાં છે, એ માનીજા તું મન. જીવડા. ૪
પુરવનાં પુણ્ય પચાવીદે શે ને કમાણી નહિ કરે કાંઇ;
તો તે જરૂર એ પોતાનાં પાપેં ચોરાસી લાખમાં જાય. જીવડા. ૫
રામ નામ રુપિ રૂપૈયા રોકડા, જીભે મળે જગમાંય;
ટુકડામાંથી ટુકડો દેવો, કરે તો તે સહુથી થાય; જીવડા. ૬
ધરમની ધારણ બાંધો મારા ભાઇ, સાથે નહિં આવે પાઇ;
જો આ ભવમાં પુન્ય કર્યું નહિંતો, પુરવનું જાશે ચવાઇ. જીવડા. ૭
અન્ન દાન દેવુંને રામ નામ લેવું. એછે મેળવવાના દામ,
માટે જીવડા જતન કરીને, કરી લેજે એ કામ; જીવડા. ૮
ધરમ શાળા સદાવ્રતો બંધાવવાં, એછે ધનવાનનાં કામ:
આપણે તો અન્ન દેવું ભુખ્યાને, સ્વાસે સમરવા રામ. જીવડા. ૯
એજ કમાણી સાચી પરલોકની, બીજી બધી કાચી વાત;
માટે મુકુંદ કહે માની જા મ્હારૂં, મુકીદે પર પંચાત. જીવડા. ૧૦

ચાબુખ-૯-મો. રાગ—ઉપર મુજબ.

રામ નામનો છે પ્રભાવ ભારિરે, નેતિ નેતિ વેદો રહ્યા છે પુકારી; ટેક.
રામ નામનો મહિમા, શ્રી રામાયણમાં કહ્યો અતિ અદભુત;
શેષ શારદને નારદ જેને, જપે છે શંકર ખુદ. રામનામ. ૧
કબીરે કથી કથાને કહયો છે, નામનો મહિમા અપાર;
પ્રહલ્લાદજી પણ રામને નામે, સદા રહ્યા તદાકાર. રામનામ. ૨
રામ સીતામાં સાર સરવનો, કહે છે ભાગવત ભેદ;
ગીતાજીમાં પણ નામનો મહિમા, નાનો નથી કેતા વેદ. રામનામ. ૩
રામ રામેતી રામેતી રામેતી રમે રામે મનોરમે;
સહસ્ત્ર નામ તતુલ્યં, રામ નામ વરાનને રે. રામનામ. ૪
ઉપર કહેલા મંત્રનો પુરાવો ખરેખરો ખુદ છેજ;
સંકટ સમયમાં શંકરે સતીને, સાર કહેલ છે એજ. રામનામ. ૫
શ્રીસીતારામના સુંદર તખ્તા, જ્યાં ત્યાં જુક્તિદાર દેખું,
તેના ઉપરથી સહુથી શ્રેષ્ટ, રામ નામને હું લેખું રે. રામ નામ. ૬
ગરિબ શ્રીમંત પણ સંકટને સમયે રામનું નામજ લેછે;
મુવા પછી મુડદાંની પાછલ પણ, રામ બોલો એમ કેછે. રામ નામ ૭
સી, કહે મનમાં સીતળતા વધેને, તા, કહે તામસ દુર;
રા, કહેતાં રાહુ નડી ન શકેને, મ, કહેતાં મદ ચકચુર. રામનામ. ૮
રામ રમી રહ્યા સરવ અંગીમાં, ઠાલું નથી કોઈ ઠામ;
જેટલા ભવમાં ભક્ત થયા તે, સ્વાસેં સમરતા રામ. રામનામ. ૯
કોઇ પુરો કહી શકેન મહિમા, એવું છે રામનું નામ;
માટે મુકુંદ કહે સ્વાસેં સ્વાસેં, સમરો સીતારામ. રામનામ. ૧૦

(૧૦) (દો.) આ બુક છપાવનારનું, જસા કૃષ્ણ છે નામ;
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવપુર ગામ.

ચાબુખ-૧૦-મો. રાગ—ઉપર મુજબ.

ભક્તી ઘેરે રહિને જેવી થાય, તેવી બાવા થઇને ન કરી શકાય. ટેક.
બાવા થઇને બધે મુલક રખડીયે, પેટ મુકે નહિં ક્યાંઇ;
ભમી ભીખીને ખાવું પડે ત્યાં, પરો ઉપકાર કેમ થાઇ. ભક્તી. ૧
ઠામે ઠામે અગત્રડતા આવે. ભાવે ન હરિ ભજાય;
ઓશિયાળ ભોગવવી આખા જગતની, એતો મહાદુખ થય. ભક્તી. ૨
જગત પતિથી મળેલી જંજાળો, જુક્તીથી જોગવે જાય;
લોભ લાલચને મુકીને ઘેર રહિ, હેતે હરિગુણ ગાય. ભક્તી. ૩
નાગર નરસિંહને જનકરાજા, જુવો ઘરમાં રહિને બન્યા દાસ;
સ્મરણને સત્સંગ કરવા લાગ્યાતો, મહાભક્ત બન્યા ખાસ. ભક્તી. ૪
સંસારમાં જે સરખો રહેને, મનને રાખે મ્હારિ પાસ;
સંસારમાં જે લુબ્ધાય નહિં તે, જાણું હું મ્હારો દાસ. ભક્તી. ૫
અર્જુન ગીતામાં ઉપર કહેલો, શ્લોક કહે હરિમુખે;
માટે ઘેરે રહિને સેવો સીતાવર, ભક્તી કરો સુખેરે. ભક્તી. ૬
પ્રભુ ઇચ્છાથી આવી બનેતે, સુખ સદા માનનાર;
સંસારમાં રહીને ભક્તી ભજાવે, એજ ખરા ખુબીદાર. ભક્તી. ૭
ઘણા જોગી થઇને જગમાં ફરે છેને, દુઃખત્રેઠે આઠુ જામ;
ભક્તી ભાવેથી કરી શકે નહી, કેમ મળે શ્રીરામ. ભક્તી. ૮
ઘેરે બેઠાં સુખ સર્વે ભોગવતાં, ભાવે ભજાય છે રામ;
તમામ સગવડ સાંપડે ઘેરે, રહે જગતમાં નામ. ભક્તી. ૯
સ્વાસે સ્વાસે સીતારામને સમરો, કરો પરોઉપકાર;
પાપથી બચવા માંડો મુકુંદ કહે, મળશે જરૂર કીરતાર, ભક્તી. ૧૦

(દો.) આ બુક છપાવનારનું, જસા કૃષ્ણ છે નામ; (૧૧)
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવપુર ગામ.

ચાબુખ-૧૧-મો. રાગ—ઉપર મુજબ.

કોકની કુથલી કરે કુડીરે, ગુમાવે ગાંઠની મુંડી—ટેક.
પ્રભુની પુરણ કૃપા થકી તું પામ્યો મનુષ્યનું અંગ;
પાપ કરીને પડયો નરકમાં, કર્યો નહીં સતસંગ. કોકની. ૧

નવરાં બેસી નીંદા કરેને, પ્યારિ લાગે પંચાત;
કદી કાંઇ કામ કરે ધરમનું તો, ગાયા કરે દીનરાત; કોકની. ૨

નવરા દીવસ ગપોડામાં ગાળેને, રાત ગુમાવે સોય;
પ્રભુના નામરૂપિ પૈસા ન મેળવેને, મોંઘો મનુષ દેહ ખોય; કોકની. ૩

પંચાતમાંથી પીડાઓ ઉપજેને, વેરઝેર જગમાં થાઇ;
પંચાત પાપીયાં તોએ ન તજેને, ભજે નહિં રઘુરાય. કોકની. ૪

નીંદા કરીને નરકમાં પડવું, એવું કરે છે કબુલ;
પણ પોતાના મનમાં સમજી, સુધારિ લ્યે નહિ ભુલ. કોકની. ૫

આપણામાં કેટલા અવગુણ છે, એતો વિચારિ ન જોય;
પારકી નીંદામાં પ્રવિણ થઇને, ખાલી જન્મારો ખોય. કોકની. ૬

પ્રભુની વાતમાં ચિત્ત ધરે નહિંને, નીંદા લાગે બહુ સારી;
ઓચિંતુ પલકમાં મોત પકડશે, કરિ નથી ત્યારિરે. કોકની. ૭

પંચાતો કરવાથી પૈસા મળે નહિ, ૫ળે નહી ભગવાન;
તોપણ નુગરાં નીંદાકરીને, નર્કમાં જાય નીદાન. કોકની. ૮

કરજોડીને કહે મુંકુદદાસ, માનીજા મેર્બાન વાત;
અમુલ્ય શ્રીરામ નામ તજીને, કર્યમા પ્યારિ પંચાત. કોકની. ૯

 (દો.) આ બુક છપાવનારનું, જસા કૃષ્ણ છે નામ;
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવપુર ગામ.

ચાબુખ-૧૨-મો. રાગ ઉપર મુજબ.

માનવી મુકો ખોટી વાતુરે, બાંધી લ્યો અંતકાળનું ભાતુ—ટેક.
શરિર પડયા પછી શોચવું, એતો મોટા મુરખનું કામ;
સમજુ મનમાં સમજીને હેતે લેજો હરીનું નામ માનવી. ૧
મરકી જેવા રોગો મુલકમાં, આવે છે અપરમપાર;
ઓચિંતુ મોત આવે એક પલમાં, નથી ઘડીનો આધાર. માનવી. ૨
પરદેશમાં પાસે પૈસા નહોયતો, થાવછો જેમ લાચાર;
પ્રભુના દેશમાં કેમ પ્હોંચાશે તેનો કરી લ્યો વિચાર માનવી. ૩
નાંનાં કહે અમે મોટા થાશું ત્યારે. કરશું ભકતી ભલી ભાત;
મોટા થાવાની મોરછાપ કયાં છે, પ્લેગમાં થાય પંચાત. માનવી. ૪
જુવાન કહે હજી વાર છે જાજી, ગઢપણમાં ભજશું રામ;
ગઢપણ આવ્યાનો પટો નથી પાસે, નીકળી જાશે કામ. માનવી. ૫
આજકાલ કરતાં આયુષના દીવસ, ઓછા ઓછા થાતા જાય;
પરિયાણ કરતાં પાસે આવે મોત જમડા જાલી જાય. માનવી ૬
ત્રણ ગાવ જાવાની તજવીજ કરતાં ત્રણ દીવસ તને થાય;
કોટાનં કોટિ કોશ દુર જાવું છે. તેનું શું ધાર્યું ભાય. માનવી. ૭
આહીંના દામ ત્યાં કામ નહીં આવે, માટે માનીજા મન;
આવ્યાં ત્યારે હતાં નાગા પુગા, એમ જાવું એ પડશે નગન. માનવી. ૮
મરકીના મામલામાં પલક છે પ્યારી, ત્યારી કરી નથી કાંઈ;
ઓચિંતા આવીને જમડા પકડશે, કંપશે તારી કાય. માનવી. ૯
ભુખ્યાંને ભોજન આપો દયાથી, ને જીભે રટો રામ નામ;
આનીજા મુકુંદ સાચું કહે છે, સત્વર કરવાનું કામ. માનવી. ૧૦

ચાબુખ-૧૩-મો. રાગ—ઉપર મુજબ.

જગતમાં ભગત સુરવિર જાણુરે, જેણે જીત્યું જમડાનું ધાડું—ટેક.
બીજા સુરવિર તો શેખાય કરેને, ઉરમાં આણે અહંકાર;
જ્યારે જમડાનું થાણુ આવે ત્યારે, બને બેજાર બેજાર. જગ૦ ૧
મોટિ સેનાનો સરદાર થઇને, કેવાય સેનાધિપતિ;
જાતપર જમડાનુ ધાડું આવે ત્યારે, જોર નવ ચાલે રતિ. જગ૦ ૨
પાંચ લાખ પોલીસ પહેમાં રાખેને, કહેય મોટા ભુપાળ;
પોલીસ પડી રહે એક બાજુને, જમડા ઝાલી ઝીંક વાળ. જગ૦ ૩
પટા પિસ્તોલુ બાંધીને ફરતાને બરછી ધરતા હાથ;
એને પણ જમડા જાલી ગયા છે, બરસી નથી ગઇ સાથ. જગ૦ ૪
સિંધ સોરઠને મારવાડ માળવો, એવા મુલક જેણે માર્યા;
એવા સુરવિરો આગળ થયા, તોઇ જમડાથી હાર્યારે. જગ૦ ૫
અસલના સુરવિર એવા હતાકે, ધરતા ધરમની હામ;
નીતિ પ્રમાણે નિત્ય વરતતા, કરતા ધરમનાં કામ. જગતમાં. ૬
સાચા સુરવિર તો શિવાજી થઇ ગયા, જેણે કર્યાં બેક કામ;
નીતી વરત્યા વળી નફટને માર્યા, કર્યા જમડાને ગુલામ. જગ૦ ૭
એવા સુર વિરતો આજે છે થોડાને, દોણા ફોડજ દેખાય;
સારૂ કરવામાં સમજે નહિને, ખોટા મોટા લેખાય. જગતમા. ૮
પિસ્તોલ પડાકા ને તોપો તડાકા, પણ કરે ધમશાણ;
બાંધી બંદુકોને બ્હાદુર કહેવાય, પણ જમડા કરે છે હેરાન. જગ૦ ૯
જમડાને જીતવામાં જોર જોયે નહી, જપો શ્રી હરીનું નામ;
અભ્યાગતોને અનદાન આપોતો, જમડા બનશે ગુલામ. જગ૦ ૧૦

(૧૪) (દો.) આ બુક છપાવનારનું જસા કૃષ્ણુ છે નામ;
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવપુર ગામ.

શ્રી વરસ્મરે તે સુરવિર સાચા, માનો મુકુંદની વાત;
બીજી પંચાતો મુકી દઇને; શ્રીવર સ્મરો દીનરાત. જગ૦ ૧૧

ચાબુખ-૧૪-મો. રાગ—ઉપર મુજબ.

કેમ તને હસવું આવે છે દીઠીરે, ઓચિંતી આવશે કાળની ચીઠી–ટેક.
ઠેકડી કરવી ઠીક લાગે છેને, મસ્કરિ કરતો હોંશે;
અંતકાળે જમ ઝોંકશે નરકમાં, સગાં તારાં સહુ રોશેરે; કેમ તને. ૧
ઇશક ઉડાવે તું અહંકાર આણીને, ઇશ્વરને કરે ન યાદ;
ભવમાં ભુલો પડયો મુરખનર, દીન કર્યાં બરબાદ. કેમ તને. ૨
જેવી જેના મનની હોય વાસના, તેવું ઇશ્વર દેનાર;
શિદને વિષયમાં મોહિ રહિને, થાવ છો ખાલી ખ્વાર કેમ તને. ૩
મળ મુત્ર સ્થળ પસંદ કરે તેથી, જાય નરકની વાટે;
એવા અભાગીયા એમાં અવતરે, રાત દીવસ લાળ ચાટેરે. કેમ તને. ૪
ખાવું પીવું ને ખેલવુ એ તને, ચાર દીન લાગે છે સારૂં;
અંતે જમદુતના સોંટા સ્હેશો તમે, તેનું ન કાંઇ કેમ ધાર્યું. કેમ. ૫
કૃષ્ણુની કોરટનું વારંટ નીકળીને, લેશે ઝડપથી ઝાલી;
હરિની હજુરમાં હુકમ નહિં ચાલે, ખોમાં જીંદગી ખાલીરે. કેમ૦ ૬
શ્રીવર સ્મરણુ તને સારૂં ન લાગેને, ભુંડીવાતો બહુ ભાવે;
કોટાન કોટિ કષ્ટ વેઠીશ નરકમાં, ચોરાસી લાખ દુખ આવેરે. કેમ ૭
ચારી મુકી ત્યારિ કરો આગળની, મરવું જરૂર જાણી;
એટલું કેતાં પણુ અક્કલ ન આવે, મુરખ મતિ શું મુંજાણીરે. કેમ. ૮
સુખ સદા જોયેતો સત્સંગ કરીને, હરિ ભજી લેલે લ્હાવ;
મુકુંદ માલીકને મળ્યા વિના, વયો જાય છે ખાલો દાવ. કેમ તને. ૯

ચાબુખ-૧૫-મો. રાગ—ઉપર મુજબ.

દરદ આવે છે દુનિયામાં ભારિરે, માટે તું માનીજા શીખામણ મારી.
મમત ગમત મસ્કરી મુકોને, છોડો પંચાત પ્યારી;
વેલા મોડું માથે મરણ છે માનવી, કરો તરવાની ત્યારીરે. દરદ. ૧
વગ વસિલા વિના ત્યાં વસમું, જમડા કરશે રમખાણ;
તે માટે તમેં તજીને પાપને, કરો પ્રભુથી પિછાણ. દરદ. ૨
કોઈ સત પુરૂષનો સંગ કરિને, લઈ લેતું ભક્તીની લ્હાણ;
અમુલ્ય અવસર આ એળે જાશેતો, અંતે છે મોટિ હાણ. દરદ. ૩
અહીં ઉધ્ધત થઇ અને ફરો છો, વાં નહિં ચાલે ઉધ્ધતાઇ,
અંતકાળે બધા આથમસે તારૂં, જમડા જાની જાઈ. દરદ. ૪
આજકાલ કરતાં માનવી મરતાં, લાગે નહિં કાંઈ વાર,
આ ભવમાં ભગવાન ભજો, નહિં તો પછી છે ભુંડા પાર. દરદ. ૫
નર તનમાં વરતન નહિં સુધારો તો. સહેશો નરકના દુઃખ;
રઝળવું પડશે ચોરાસી લાખમાં, વેઠશો દુખને ભુખ. દરદ. ૬
રામ રામ રટતાં દામ નથી બેસતા, બોલો દીવસને રાત;
સીતાને રામજી એજ સરવના, સદા સાચા માત તાત. દરદ. ૭
પછી તમે કરો પોસાય તેમ પણ, કહુ છું હું સાવ સાચું,
દુનિયામાં દેહનું સુખ હોય તોએ,.કાળ આવ્યે છે કાચું. દરદ. ૮
કરજોડી કહે મુકુંદદાસજી; માનો બ્હેનોને ભાઇ,
નહીં માનોતો નરકમાં ગયા પછી, પસ્તાવું પડશે સદાઈ. દરદ. ૯

ચાબુખ-૧૬-મો. રાગ—ઉપર મુજબ.

દીવાનો દુનિયામાં આવ્યોરે, ફાંફાં માર્યાં કાંઇએ નવ ફાવ્યો. ટેક.
હેતે હરિનું નામ ન લીધું ને, કીધું ન કાંય રૂડું કામ;
ફર્યો ફોગટનો ધાંકડો થઇને, ઈશ્કમાં ઉડાડયા દામ, દીવાનો. ૧

(૧૬) (દો.) આ બુક છપાવનારનું, જસા કૃષ્ણ છે નામ;
શ્રી માધવ પ્રાચી સમીપ, ગીર માધવ પુર ગામ.

તન ધન ખોયું તરિયા જોબનમાં, બન્યો રંડીનો ગુલામ;
કુડાં કાટલાં રાખિ દુકાનમાં, દગાથી મેળવ્યા દામ. દીવાનો. ૨

મનસુબા મનથી મોટા કરેને, વાયદામાં દીન વયા જાય,
શ્વાસ છે ત્યાં ઝટ સુકૃત કરિસે, સાથે નહિ આવે પાઇ. દીવાનો. ૩

હરિ સંગાથે હેત ન કીધું, ન દઇ શકયો દાનમાં દામ;
ઓચીંતો અળગો થયો કાયાથી, કર્યું નરકમાં મુકામ. દીવાનો. ૪

મેળવેલ માલ તારો બીજા ભોગવશેને, જાવું પડશે જખ મારી,
મરકીના મામલામાં ઓચિંતો ઉડીશ, નહીં ચાલે કારિરે. દીવાનો. ૫

પાપને રસ્તે પઇસા ઉડાડે. ધર્મે ન ખર્ચે નાણું;
અંતે કાયા પછી કંપવા લાગે, જોઇને જમનું ધાડું. દીવાનો. ૬

શીખામણ દઉં તો સાર લીયે નહિં, મરડાય મનમેલા;
પોતાના મનથી પોતે ડાહ્યા, જાણે હરિજનને ઘેલારે. દીવાનો. ૭

રૂચી રાખી નહિં રામ ભજનમાં, ખુચિ રહયો વિષય માંય;
જુઠે ધંધે જમત.રો ગુમવ્યો, જમના મારો પછી ખાય દીવાનો. ૮

ભજન ગાતાં ભુંડા મોંઢા પડેને, સંતના ચાળા પાડે;
એવા અભાગીયા ભુત પ્રેત થઇને, પછે બરાડા પાડેરે. દીવાનો. ૯

આવ્યા કમાવા જાય ગુમાવી, કુધી મતિ રાખી,
કહે મુકુંદના માલીક જાણ્યા વિના, ઉમર ખુવે આખિરે. દીવાનો. ૧૯

સમાપ્ત.

જીજ્ઞાસુજનોને જાહેર ખબર.

મ્હાત્મા શ્રીમાન અંનત પ્રસાજીના કૃપા પાત્ર શ્રીવૈષ્ણુવ વિપ્ર મેઘજી લાલજી (ઉર્ફે) મુકુન્દ રામાનુજ દાસજી પુજારી કૃત પુસ્તકોનાં નામ નંબર કીમત તથા મળવાનું ઠેકાણું

નંબર............... નામ............	કીમત. રૂ. આ. પે.
શ્રી દીલનું દર પણ યાને મુકુન્દના મનો ભાવ	૦—૮—૦
શ્રી મેઘજીનાં મ્હાવાક્ય–૫૦૦–દોહાને–૫૦–કવીત	૦—૪—૦
શ્રી રઘુરાય રત્ન માળા પદ ૧૦૮ માન્સીપુજાસેત	૦—૪—૦
શ્રી રણછોડ રાય રત્ન માળા પદ ૧૦૮ અતી રસીક	૦—૪—૦
શ્રી અનંત ઉપકાર આખ્યાન પુર્વ રંગસહિત સુધારા વધારા સાથે બીજી આવૃતી	૦—૪—૦
શ્રી સંત પ્રભાવ ૮ પ્રકરણ ટીકાસહીત દોહામાં	૦—૨—૦
શ્રી સંતોષ સુરતરૂ દોહામાં ટીકા સહીત	૦—૨—૦
શ્રી દ્વારકાં ધીશના ગરબા તથા મીરાં ચરીત્ર	૦—૨—૦
શ્રી ધનુર માસનું ધ્યાન (૩૦)ગાયન બહુરસીક	૦—૧—૦
શ્રી રામ રક્ષાનું ગુજરાતી ગાન–મુળ સહિત	૦—૧—૦
શ્રી રામાનુજ રહસ્ય (યાને) હાથ જોડવાનો હેતુ	૦—૧—૦
શ્રી મન પુષ્ટીકાર પત્રીકા. પ્રશ્નોત્તર હેંડબીલ છે,	૦—૦॥—૦
શ્રી સતના આખ્યુખ.	૦—૧—૦

ઉપરનાં પુસ્તકો એક સાથે બધાં લેનારને એક પુસ્તક ભેટ મળશે ને દરેક પુસ્તકની કીમતના પૈસા ધર્માદામાં જાય છે, પોષ્ટ ખર્ચ જુદું જાણવું મળવાનું ઠેકાણું સ્ટેશન લુશાળા થૈને ખોરાસા પુજારી મુકુંદદાસજી. શ્રી વેંકટેશ મંદીર (જીલ્લો કાઠીયાવાડ).

ચાળુખ (૧) લો.–પ્રાણીયા ભજીલેને કીરતાર–એરાગ

હેવાન હાથ હોકા લઈને હાલ્યારે; ઝાલી જમ દુતેં નરકમાં ઘાલ્યા.
હોકા બીડી પીધે હત્યા ઘણીને; દેહનો થાયછે વટાળ;
ચોખે મોઢે ધુતો ચાટતી દેખત, લાખુ જણાની લાળ.–હેવાન૦ ૧
જે મોઢે મીઠા મેવા જમાય ને, જપાય પ્રભુનાં નામ;
ઈ મોઢે ગંધાતા ધુવાડા નીકળે, રહે ન રૂદયે રામ;–હેવાન૦ ૨
ખાય પીયે સુંઘે ચાવે કે દાંતે ઘે, પાંચેયનું સરખું પાપ,
તમાકુની તમાં તજો તમે ને, ભજો ભગ્વતનો જાપ;–હેવાન૦ ૩
હોકા પીનારને ધોકા મારીને, જમદુત ઝીંકશે વાળ;
બીડી પીનારને બાંધીને મારશે, આવશે અંતે કાળ;–હેવાન૦ ૪
બંધાણીને બાંધી બાંધીને નાખશે, કાળા કુંભી પાક માંય;
તજો તમાકુ ને ભજો ભગવાન તો વેલું વૈકુંઠે જવાય;–હેવાન૦ ૫
ગજર ને, ચાહ, બેઉ સગી બેનું એ, કળજુગની કુંવરિયું થાય;
એમાંથી એકેઇને અડે જો કોઇ તો જરૂર નરકમાં જાય –હેવાન૦ ૬
સત જુગમાં ચાહ તમાકુ નોતી, તેથી હતાં લોક સુખી;
પેદા થઇ છે એ કળજુગમાં પાપણી,ઘેર ઘેર થઇ ગઇ મુખી,–હેવા૦ ૭
બંધાણુ છોડોતો છુટશો દુઃખથી, બંધાણી થયે બંધાશો;
રૈ રૈ નરકમાં પડશો મુવાપછી, રંધાશો ને ગંધાશો;–હેવાન૦ ૮
હોકા બીડી ધતુરિના ધુવાડાથી, કલેજાં સળગી જાય,
પવિત્ર લોક પાસે ઉભવાધ્યે નહિં, મોઢું અતી ગંધાય;–હેવાન૦ ૯
મુકુંદ દાસની શીખામણ માનશો, તો અંતે સુખીયા થાશો;
ન માનોતો મારે કાંઇ વાંધો નથી, અંતે જોડા ખુબ ખાશો;–હેવાન૦